# પાલનપુરમાં ભરઉનાળે પાણીની મોકાણથી શહેરીજનો ત્રસ્ત



ડીસા શહેરના ઔધોગિક એવા જીઆઈડીસી વિસ્તારના માર્ગો પર ગંદા પાણીનો ભરાવો જોવા મળી રહ્યો છે એક તરફ શહેરમાં કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે આ વિસ્તારમાં ગટરના પાણીનો ભરાવો જોવા મળી રહ્યો છે જેના કારણે રોગચાળો ફાટી નીકળે તેવુ લોકોનુ કહેવું છે ત્યારે નગર પાલિકા દ્વારા આ મામલે યોગ્ય કાર્યવાહી કરી માર્ગો પર રેલાતા ગંદા પાણીને અટકાવવામા આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.

પાલનપુરમાં ભર ઉનાળે છેલ્લા બે દિવસથી પાણીની મોકાણ સર્જાતા લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. નગરપાલિકા દ્વારા પાણીની કોઈ વ્યવસ્થા ન કરવામાં આવતાં લોકો નાછૂટકે રૂપિયા ૩૦૦થી ૫૦૦ સુધી ચૂકવી ટેન્કર દ્વારા પાણી મેળવી રહ્યા છે. પાલનપુરમાં નગરપાલિકા હદ વિસ્તારમાં પાલિકા દ્વારા ધરોઈ જૂથ યોજના તેમજ સ્થાનિક બોર દ્વારા નગરજનોને પીવાનું પાણી પુરુ પાડવામાં આવી રહ્યું છે. જોકે, ધરોઈ ખાતે જ્યારે પણ કોઈ સમસ્યા સર્જાય ત્યારે શહેરીજનોને પીવાના પાણી માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. જ્યાં ભર ઉનાળે છેલ્લા બે દિવસથી પાણીની



મોકાણ સર્જાતા લોકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે. સામાજિક કાર્યકર મજહરભાઈ કુરેશીએ જણાવ્યું હતું ક, નગરપાલિકાના સત્તાધીશો દ્વારા પાણીની કોઈ વ્યવસ્થા ન કરવામાં આવતાં લોકો નાછૂટકે રૂપિયા ૩૦૦થી ૫૦૦ સુધી ચૂકવી ટેન્કર દ્વારા પાણી મેળવી રહ્યા છે. અત્યારે રમજાનમાસ ચાલી રહ્યો છે.

મુસ્લિમ બિરાદરોના રોજા ચાલી રહ્યા છે. આવી સ્થિતિમાં શહેરના મફતપુરા સહિતના વિસ્તારોમાં પીવાનું પાણી આપવામાં આવતું નથી. પરિણામે લોકો નગરપાલિકામાં પાણી વેરો ભરતા હોવા છતાં નાણાં ખર્ચીને ખાનગી ટેન્કરો મંગાવવા પડી રહ્યા છે.

# પ્રાંતિજ નવાધરાથી તપોધન ફડી બારકોડ નાકા સુધીનો વિસ્તારને કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર

## આ વિસ્તારના રહીશો બહાર ફરી શકશે નહી : ૧૪ દિવસ સુધી આ વિસ્તારના રહિશોએ પાલન કરવું પડશે

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં તપોધન ફડી ખાતેથી કોરોનાનો પ્રથમ પોઝિટિવ કેસ મળી આવતા નવાધરાથી બારકોટ નાકા સુધીનો વિસ્તારને કન્ટેઈમેન્ટ ઝોન જાહેર કરાયો.

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ કોવિડ-૧૯ ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ કોવિડ-૧૯ ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ કોવિડ-૧૯ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવરવાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા પ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત જિલ્લાના પ્રાંતિજ તપોધન ફળી ખાતે આવેલ કોરોનાનો પોઝિટિવ કેસને લઈને વાયરસના સંક્રમણને ધ્યાને લેતા લોકોની સુરક્ષા બાબતે તકેદારીના ભાગરૂપે



૧૪ દિવસ સુધી કન્ટેઈનમેન્ટ ઝોન જાહેર કરાયો છે.

જિલ્લા કલેકટર સી.જે. પટેલ તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ)ની કલમ-૧૪૪, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે કોવિડ-૧૯ નો કન્ટેનમેઈન્ટ એરિયા (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવર જવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્કીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે. આ જાહેરનામુ તા. ૫ જુન ૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. તો પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવત દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.




## ભીલડી સ્ટેટ બેન્કનું એટીએમને ચાર દિવસથી તાળા, લોકોને પડી રહેલ મુશ્કેલી

ભીલડી ૩૫ ગામોનું વેપારી મથક છે, ભીલડી રેલ્વે જનકશન પણ છે, ભીલડીમાં માત્ર બેજ એટીએમ આવેલ છે જેમાં દેના બેન્કનું એટીએમ ભીલડી બજારથી થોડું દૂર છે, જ્યારે ભીલડી બસ સ્ટેન્ડ નજીક એક માત્ર સ્ટેટ બેન્કનું એટીએમ આવેલ છે. તે છાસવારે બંધ જોવા મળે છે. હાલમાં ભીલડીનું સ્ટેટ બેન્કનું એટીએમ શુક્રવારથી તાળા મરેલા છે. એક બાજુ કોરોનાની મહામારી ચાલે છે મુસ્લિમ ભાઈઓનો પવિત્ર રમઝાન મહિનો ચાલી રહ્યો છે ત્યારે ભીલડી સ્ટેટ બેન્કનુ એટીએમ બંધ રહેવાથી લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હાઈવે પરથી પસાર થતા વાહન ચાલકો પણ વીલા મોઢે પરત જાય છે. બેંકના હિન્દીભાસી મેનજર તો લોકોની વાત પણ સમજતા નથી. સત્વરે ભીલડી સ્ટેટ બેન્કનું એટીએમ ચાલુ થાય તેમ ભીલડીના નાગરીકો ઈચ્છી રહ્યા છે.

## પ્રાંતિજમાં ૭ વર્ષ ૧૧ માસના મુસ્લિમ બાળકે પવિત્ર રમઝાન માસમાં તમામ રોઝા અદા કર્યા

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના ખોડીયાર કુવા મનસુરી મહેલ્લા મુસ્લિમ બિરાદરના ૭ વર્ષ ૧૧ માસના પુત્રએ પવિત્ર રમઝાન માસમાં તમામે તમામ રોઝા અદા કરીને ધાર્મિક પરંપરા નિભાવી હતી.



પ્રાંતિજ મનસુરી મહેલ્લામા રહેતા સફરભાઈ મનસુરીનો ૭ વર્ષ ૧૧ માસનો પુત્ર કબીરે પવિત્ર રમઝાન માસમાં તમામે તમામ રોઝાના આકરા ઉપવાસ આદરીને ખુદાની ઈબાદત કરી હતી. આવી કાળઝાળ ગરમીની સીઝનમા પણ ૪૦ થી ૪૨ ડીગ્રી ગરમીમાં માણસ પાણી વગર પણ રહી શકતો નથી ત્યાં આવા ૭ વર્ષ ૧૧ માસનો માસુમ બાળક કે જે રમઝાન માસમાં આકરા ઉપવાસ એટલે કે રોઝા રાખીને ઘરમાં જ રહીને પાંચ ટાઈમની નમાઝ અદા કરીને ધાર્મિક પરંપરાને પૂર્ણ કરી હતી. આટલી નાની ઉંમરે તે ઈસ્લામની સુરત કલમા સારી રીતે બોલે છે. અમદાવાદ ખાતે ઈન્ટરનેશનલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં અભ્યાસ કરે છે અને ધોરણ એકની એકઝામ આપી છે. કબીર ઈસ્લામ સિવાય પણ બીજા ક્ષેત્રમાં અનેક ટ્રોફી અને મેડલ મેળવીને પરિવાર અને સમાજનું નામ રોશન કર્યું છે.

## બનાસનદીમાં ન્હાવા પડેલ ત્રણ યુવકોના મોત

શનિવારે બનાસ નદીમાં છોડાયેલા પાણીમાં નહાવા પડેલા ત્રણ યુવકોના મોત નિપજ્યાં હોવાની ઘટના સામે આવી છે. તાજેતરમાં બનાસ નદી પર બંધવામાં આવેલા દાંતીવાડા ડેમના દરવાજાનું સમારકામ કરવાનું હોવાના લીધે ડેમને ખાલી કરવાનો હોવાના લીધે ડેમનું પાણી કેનાલમાં છોડવામાં આવી રહ્યું હતું. સ્થાનિક રાજકીય આગેવાનોની રજૂઆત બાદ ડેમનું પાણી નદીમાં છોડવામાં આવ્યું હતું. આ પાણી નદીમાં છોડવામાં આવ્યા બાદ બનાસ નદી સજીવન થતાં શનિવારે લટીયા ગામની સીમમાંથી પસાર થતી બનાસ નદીમાં ગરમીમાથી રાહત મેળવવા માટે નદીમાં નહાવા પડેલા રાણપુર ઉગમણા ગામના છ યુવકો ન્હાવા પડેલ ત્રણ યુવકોના ડૂબી જવાથી મોત નિપજ્યાં છે. પોલીસે ઘટનાસ્થળ પર પહોંચી તરવૈયાઓની મદદને પગલે નદીમાં ડૂબેલા ત્રણેય યુવકોના મૃતદેહોને તરવૈયાઓની મદદથી બહાર નિકાળ્યા હતા. આ દુર્ઘટનામાં મોતને ભેંટનાર બદનસીબોમાં રાણપુર ઉગમણા-વાસના ૧૫ વર્ષીય તુષાર નટવરભાઈ બારોટ, ૧૭ વર્ષીય નીકુલભાઈ બચુભાઈ રાવળ ૧૮ વર્ષીય રાહુલભાઈ બબાભાઈનો સમાવેશ થાય છે.




## ધાનેરામાંથી ૨૧ પરપ્રાંતીય મજૂરોને વતન મોકલાયા

પરપ્રાંતીય મજૂરો કામ અર્થે ધાનેરા વિસ્તારમાં આવ્યા હતા પરંતુ કોરોનાવાયરસ ને લઈ તમામ મજૂરો અટવાઈ જવા પામ્યા હતા જેમને આજે બે મહિના બાદ વતન જવાની મંજૂરી મળતા મજૂરોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે તો બીજી તરફ ધાનેરા મામલતદાર ભગવાનભાઈ ખરાડી રામભાઈ સોલંકી સહિતના લોકોએ આ મજૂરોને બસમાં બેસાડી વિદાય આપી હતી ગુજરાતમાં પણ કેટલાય પરપ્રાંતિય મજૂરો અટવાયા હતા તે મજૂરોને હવે ધીરે-ધીરે પોતાના વતન મોકલવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે ત્યારે આજે ધાનેરા માંથી પણ ૨૧ જેટલા પરપ્રાંતીય મજૂરોને છત્તીસગઢ મોકલવા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી ગુજરાત સરકાર ની બસ દ્વારા મહેસાણા મોકલવામાં આવ્યા છે અને મહેસાણા થી છતીસગઢ માટે મુકાશે ત્યારે આજે ધાનેરાની બનાસ દૂધ શીત કેન્દ્ર પાસે આ તમામ મજૂરોને બસમાં બેસાડયા હતા પાણી ની વ્યવસ્થા પણ કરી આપવામાં આવી હતી અને તમામ મજૂરોને વિદાય આપવામાં આવી હતી તો બીજી તરફ પણ જવાની મંજૂરી મળતા મજૂરોમાં પણ ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

# પાલનપુર ડીસા હાઈવે પર સ્ટ્રીટ લાઈટની ડિપોઝીટ ભરવા માંગ

## ૬૨૧ લાખની ગ્રાંટ ફાળવાઈ હોવા છતાં બે વર્ષથી માત્ર ૨ લાખ ડિપોઝીટ ન ભરાતા સ્ટ્રીટ લાઈટની કામગીરી ખોરંભે

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં સને-૨૦૧૬માં ઓજી વિસ્તારના વિકાસ માટે સરકાર દ્વારા રૂ.૬૨૧ લાખની માતબર રકમની ગ્રાંટ ફાળવાઈ હતી. જોકે, માત્ર રોડ-રસ્તા ના કામોને વિકાસનો પર્યાય ગણતી નગરપાલિકા દ્વારા ડીસા હાઈવેથી જોડનાપુરા સુધીના સ્ટ્રીટ લાઈટના પોલ માટેની રૂ.૨ લાખની ડિપોઝીટ છેલ્લા બે વર્ષથી ન ભરતા સ્ટ્રીટલાઈટની કામગીરી ખોરંભે ચડી છે. ત્યારે અંધકારમાં ગરકાવ લોકોની વ્હારે આવતા પાલિકાના નગરસેવક અમૃત દાઢીએ પાલિકા પ્રમુખ સમક્ષ સત્વરે ડિપોઝીટ ભરવાની માંગ કરી છે.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકા ના રાજમાં સને-૨૦૧૫માં ડીસા હાઈવે પર દેવનાપુરા- જોડનાપુરા સહિતનો વિસ્તાર નગરપાલિકા હદ વિસ્તારમાં સમાવેશ કરાયો હતો. આ નવીન હદ વિસ્તારના વિકાસ માટે સરકાર દ્વારા સ્પેશિયલ ગ્રાંટ ઓજી વિસ્તારની રૂ.૬૨૧ લાખ સને-૨૦૧૬ માં ફાળવાઈ હતી. ત્યારે નગરપાલિકાના સદસ્ય અમૃતભાઈ જોશીએ ડીસા હાઈવેથી જોડનાપુરા સુધીના વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટની કામગીરી કરાવવા રજુઆત કરી હતી. જેમાં નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા ડીસા હાઈવે બનાસ બેંકથી નગરપાલિકાની હદ દેવપુરા-જોડનાપુરા સુધી સ્ટ્રીટ લાઈટ પોલની કામગીરી કરવા માટે ડિપોઝિટ રૂપિયા બે લાખ ડિમાન્ડ ડ્રાફ્ટથી ભરવા માટે



મુખ્ય અધિકારી પાલનપુર નગરપાલિકાને તા.૪-૯-૨૦૧૮ ના રોજ લેખિત પત્ર દ્વારા જાણ કરાઈ હતી. દરમિયાન ઘણો લાંબો સમય વિતવા છતાં નગર પાલિકાને કરોડો રૂપિયાની જુદી જુદી યોજના હેઠળ પ્રજાની સુખાકારી માટે ગ્રાન્ટ ફાળવેલ હોવા છતાં હજુ સુધી આ રૂપિયા બે લાખ નેશનલ હાઈવેમાં ડિમાન્ડ ડ્રાફ્ટથી ભરવામાં આવેલ ન હોઈ હાઈવેથી એન્ટ્રી થતાં વાહનોને નવીન સ્ટ્રીટ લાઈટો નાંખવામા ન આવતા ભારે હાલાકી પડી રહી છે.

આ વિસ્તાર જોડનાપુરા, દેવપુરા, સહયોગ સોસાયટી, ખોડિયારનગર, નવદુર્ગા સોસાયટી, ગુરૂનંદન વિલા સોસાયટી, બાલાજી પાર્ક, શ્રીજી ફ્લેટ, પરફેક્ટ સોસાયટી, જલારામ મંદિર, સ્વાગત સિટી સોસાયટી, અંકિત સોસાયટી સહિતના વિસ્તારો આવેલ છે. આ વિસ્તારમાં રહેતા પ્રજાજનો અને વેપારીઓને રાત્રિના સમયે પાલનપુર શહેરમાંથી અવરજવર કરવી પડતી હોઈ આ બાબતની ગંભીર નોંધ લઈ કામગીરી તાકીદે શરૂ કરવામાં આવે તેવી માંગ અમૃત જોશી દ્વારા કરાઈ છે.



## પાલનપુર નગરપાલિકા દ્વારા દુકાનો ઉપર નંબરો લખાયા....

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસના ચોથા લોક ડાઉન દરમિયાન જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા દુકાનો ખોલવા સહિતની કેટલીક છૂટછાટ આપવામાં આવી છે. લોકો એક સાથે ભેગા ન થાય તેમજ સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમો જળવાઈ રહે તે માટે નગરપાલિકા દ્વારા એકી બેકીની સંખ્યામાં દુકાનો ખોલવાની તાકીદ કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લામાં લોકડાઉન ચાર દરમિયાન છૂટછાટ આપવામાં આવી છે. પાલનપુર સહિત તાલુકા સેન્ટરો અને ગ્રામિણ વિસ્તારમાં પાન મસાલા સહિતની દુકાનો ખુલતાં જનજીવન પુનઃ ધબકતું થયું છે. પાલનપુર શહેર પણ સવારથી સાંજે ૪ વાગ્યા સુધી ધમધમી ઉઠે છે. લોકો માસ્ક સહિતના નિયમોનું તો પાલન કરે છે પણ સોશિયલ ડિસ્ટન્સ જળવાતું નથી. આવી સ્થિતિમાં લોકો એક સાથે ભેગા ન થાય તેમજ સોશિયલ ડિસ્ટન્સ સહિતના નિયમો જળવાઈ રહે તે માટે નગરપાલિકા દ્વારા એકી બેકીની સંખ્યામાં દુકાનો ખોલવાની તાકીદ કરવામાં આવી છે. આથી નગરપાલિકા દ્વારા શુક્રવારે નંબરો લખવામાં આવ્યા હતા.



## દેશમાંથી કોરોનાને ભગાડવા અમીરગઢ શિવગીરી મહારાજની ધુણી ખાતે સાધુએ કાંટાવાળી ગાદીનું ગ્રહણ કર્યું

ભારત દેશએ અનેક સાધુ સંતોની તપોભૂમિ ગણાય છે. એવો જ એક અજીબો ગરીબ જે માનવામાં ના આવે તેવું રહસ્ય જાણવા મળ્યું છે તેવી એક ઘટના સામે આવી છે. બનાસકાંઠા જિલ્લાના અમીરગઢ તાલુકાનાંના અવાળા ગામમાં આવેલી શિવગીરી મહારાજની ધૂણીનાં સાનિધ્યમાં એક સાધુ મહાત્માએ દેશના હીત માટે માનવામાં ના આવે તેવી ગાદીનું ગ્રહણ કર્યું છે. દેશમાં અત્યારે કોરોના મહામારી નામના વાયરસે હાહાકાર મચાવી દીધો છે. કોરોનાને હરાવવા માટે કોરોના વોરીયર્સ ખડે પગે રહી પોતાની ફરજ પર રાત દિવસ મહેનત કરી રહયાં છે. સાધુ સંતો પણ લોકોને કોરોના મહામારી જેવા રોગમાંથી બચાવવા ભગવાનને રીઝવવા માટે અનેક પ્રયાસો કરી રહયાં છે. અમીરગઢ તાલુકાનાં અવાળા ગામ પાસે આવેલી શિવગીરી મહારાજની ધૂણીના સાનિધ્યમાં સાધુ મહાત્માએ દેશના હીત માટે, કોરોના મહામારી જેવા રોગનો નાશ થાય અને લોકોને આવા રોગમાંથી મુક્તિ મળે તે માટે પોતાના શરીરને કષ્ટ આપી કાંટાવાળી ગાદીનું ગ્રહણ કરી ભગવાન ભોળાનાથ ને પ્રાથના કરી રહયાં છે.